



## અરવલ્લી જિલ્લાના ભાજપના કાર્યકરોએ દીપસિંહ રાઠોડ વિજય થતા મોડાસામાં વિજયોત્સવ મનાવ્યો

સાબરકાંઠા બેઠક પર ચૂંટણી ભાજપ-કોંગ્રેસ વચ્ચે કાંટે કી ટક્કર હોવાનું મનાતું હતું અને મહદંશે આ બેઠક ૨૩ એપ્રિલે યોજાયેલી ચૂંટણી પહેલા કોંગ્રેસ ભાજપ પાસે થી આ બેઠક ખૂંચવી લઈ પંજો લહેરાશે તેવું રાજકીય વિશ્લેશકો એ ગણિત માંડ્યું હતું ગુરુવારે યોજાયેલી મતગણતરીમાં રાજકીય વિશ્લેશકો અને કોંગ્રસના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ઠાકોર,કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકર્તાઓની તમામ ગણતરીઓ ઉંધી પડી હતી અને સાબરકાંઠા લોકસભા બેઠક પર દીપસિંહ રાઠોડ ફરીથી ભાજપનો દબદબો યથાવત રાખવામાં અને કમળ ખીલવવામાં સફળ રહેતા ૨૧ માં રાઉન્ડની મતગણતરીના અંતે ૨૫૨૬૫૨ મત થી આગળ રહેતા સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓએ ડીજે અને ઢોલ નગારાના તાલે ફટાકડા ફોડી મીઠાઈ વહેંચી વિજયોત્સવ મનાવ્યો હતો. સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર દીપસિંહ રાઠોડ ૨ લાખ કરતા વધુ મતની સરસાઈ ૨૧ માં રાઉન્ડના અંતે મળતાની સાથે અરવલ્લી જિલ્લા ભાજપ દ્વારા વિજય સરઘસ કાઢીને ભવ્ય આતિશબાજી કરાઈ હતી અરવલ્લી જિલ્લા ભાજપ કાર્યલયથી વિજય સરઘસ નિકળીને ચાર રસ્તા ખાતે પહોંચ્યું હતું, જ્યાં મોટી સંખ્યામાં ભાજપના અગ્રણીઓ મહિલા મોરચા તેમજ યુવા મોરચાના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા અને ડીજેના તાલે જુમી ઉઠી ભવ્ય વિજયોતસ્વ માનવી વિજયોત્સવ રથ મોડાસા શહેરના માર્ગો પરથી પસાર થતા શહેરમાં કેસરિયો છવાયો હતો. સમગ્ર દેશમાં, ગુજરાતમાં અને સાબરકાંઠામાં ભાજપે ભવ્ય જીત મેળવતા અરવલ્લીના શહેરી વિસ્તારો, તાલુકા મથકો અને ગ્રામ્ય વિસ્તારોમાં ભવ્યાતિભવ્ય વિજયોત્સવ માનવી ડીજે, ઢોલ નગરના તાલે ફટાકડા ફોડી કાર્યકરોએ એકબીજાના મોઢા મીઠા કરાવી જુમી ઉઠ્યા હતા.

# સાબરકાંઠામાં પુનરાવર્તન : ભાજપનો જય જય કાર

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા લોકસભા બેઠકની સાંજે છ વાગે મતગણતરી પૂર્ણ થયા બાદ મતદારોના જનાદેશને આધારે ભાજપના ઉમેદવારને અંદાજે ૨,૫૯,૦૯૫ મતની સરસાઈ મળતા તેમને વિજયી જાહેર કરાયા હતા. બીજી વખત ભાજપના ઉમેદવાર વિજયી બનતા સાબરકાંઠા અને અરવલ્લીમાં એક તબક્કે કહી ખુશી કહી ગમના અનુભવો લોકોને થયા હતા. સત્તાવાર માહિતી મુજબ ભાજપના ઉમેદવારને ૬,૯૬,૪૯૭ જ્યારે કોંગ્રેસના ઉમેદવારને ૪,૨૮,૮૩૬ મત મળતા આ બેઠક પર ભાજપના ઉમેદવાર બીજી વખત વિજયી ઘોષિત જાહેર કર્યા છે. જોકે બાકીના ૧૮ ઉમેદવારોએ માન્ય મતોના ૧૦ ટકાથી ઓછા મત મેળવતા ચૂંટણી પંચના નિયમ મુજબ તેમની ડીપોઝીટ જપ્ત થવાને પાત્ર રહેશે. સાબરકાંઠા લોકસભા બેઠક પર એક માસ અગાઉ જે મતદાન ૬૭.૨૫ ટકા થયું હતું તેના આંકડા જોઈને ભાજપના ઉમેદવારની હારજીત અંગે જિલ્લામાં અનેક ચર્ચાઓ શરૂ થઈ હતી. રાજકીય પંડિતો પમ આ બેઠક પર વિજયી બનનાર ઉમેદવારની સરસાઈ અંગે સાચો અંદાજ આપી શકતા ન હતા. તો બીજી તરફ સાબરકાંઠા અને અરવલ્લીના મતદારોએ જાણે કે અગાઉથી નક્કી કરી લીધું હોય તેમ ઉમેદવારને જોયા વગર મત ભાજપને આપી દેતા તે મતગણતરીના પરીણામ પરથી સ્પષ્ટ દેખાયું હતું. શરૂઆતના સાત રાઉન્ડ સુધી ભાજપ અને કોંગ્રેસના અગ્રણીઓ તથા કાર્યકરો જીતના દાવા કરતા હતા પરંતુ દશ વાગ્યા બાદ પરીણામ જાહેર થતા જાણે કે મતદારોએ ભાજપની ઝોળીમાં મતરૂપી દાન કરીને ફીર એક બાર મોદીના સૂત્રને સાર્થક કર્યુ હોય તેવા આંકડા જાહેર થયા હતા.

બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ભાજપના ઉમેદવાર દીપસિંહ રાઠોડ કોંગ્રેસના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ઠાકોરને મહાત કરી અંદાજે એક લાખથી વધુ મતોની સરસાઈથી આગળ ચાલતા હતા. જેના લીધે કોંગ્રેસ માટે સાબરકાંઠા બેઠક જીતવી આસાન ન હોય તેમ સમજી તેઓએ પોતાના મન મનાવી લીધા હતા. ત્યારબાદ ૧૭ રાઉન્ડ સુધીમાં તો સાબરકાંઠા અને અરવલ્લીના મતદારોએ ભાજપના ઉમેદવારને આપેલા મતનો આંકડો જાહેર થતા તે અકલ્પનિય હોય તેમ બે લાખને પાર કરી ગયો હતો. જેના લીધે ભાજપના ઉમેદવારની જીત સુનિશ્ચિત થઈ ગઈ હતી. એક તરફ એક માસ અગાઉ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના અંદાજે ૧૭ લાખથી મતદારો પૈકી ૧૨ લાખ મતદારોએ મતદાન કર્યું હતું. જે પૈકી ગુરુવારે સાંજે ચાર વાગે ૨.૫ લાખ મતોની ગણતરી બાકી હતી જેને લઈને ભાજપના ઉમેદવારની જીત નિશ્ચિત થઈ ગઈ હતી.

શામળાજી પોલીસે પાયલોટિંગ કાર આઈ-૧૦ કાર સાથે

## પીકઅપ ડાલામાંથી ૭૪ હજારનો વિદેશી દારૂ જપ્ત

શામળાજી, તા. ૨૩

શામળાજી પોલીસે અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર રાજ્યમાં ઘુસાડાતા વિદેશી દારૂને અટકાવવા સઘન પેટ્રોલિંગ અને રાજસ્થાન તરફથી આવતા વાહનોની તલાસી લેતા દરરોજ હજ્જારો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાઈ રહ્યો છે. રતનપુર ચેકપોસ્ટ નજીક વિદેશી દારૂ ભરેલ પીકઅપ ડાલાને પાયલોટિંગ કરતી આઈ-૧૦ કારને ઝડપી પાડી પીકઅપ ડાલામાં ડિસ્પોઝેબલ ગ્લાસ ભરેલ ખોખાની આડમાં સંતાડીને ઘુસાડાતા ૭૪ હજાર રૂપિયાના વિદેશી દારૂના જપ્ત કરી બે બુટલેગરોની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પીએસઆઈ કેતન વ્યાસ અને તેમની ટીમે બુટલેગરો પર તવાઈ બોલાવતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. અણસોલ ગામની સીમમાં વાહનોનું ચેકીંગ હાથ ધરતા ડિસ્પોઝેબલ ગ્લાસનાં ખોખા ભરેલ પીકઅપ ડાલા (ગાડી.નં.જીજે. ૦૨. વીવી.૭૦૬૨)ને અટકાવી તલાસી લેતા ડિસ્પોઝેબલ ગ્લાસના ખોખા હટાવતા વિદેશી દારૂની બોટલ નંગ-૩૦ કિ. રૂ. ૭૪૪૮૪નો જથ્થો જપ્ત કરી ડ્રાઈવર રોહિત નાગજી રાવળ (રહે, કડા, તા-વિસનગર, મહેસાણા)ની અટક કરી પીકઅપ ડાલાનું પાયલોટિંગ કરતી આઈ-૧૦ કાર (ગાડી.નં.જીજે.૧૮ બીજે. ૦૬૬૬) ને પકડી પાડી કાર ચાલક અલ્કેશ વિષ્ણુ પટેલ (રહે, સુનસી, તા-વિસનગર, મહેસાણા)ની ધરપકડ કરી પીકઅપ ડાલુ, આઈ-૨૦ કાર અને આરોપીઓ પાસેથી જપ્ત કરેલ મોબાઈલ નંગ-૩ મળી કુલ રૂ.૫૨૬૯૮૪નો મુદ્દામાલ જપ્ત કરી ઉદેપુર શહેરની બહાર આવેલ ઠેકા પરથી પીકઅપ ડાલામાં વિદેશી દારૂ ભરી આપનાર અજાણ્યા શખ્સ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બંને આરોપીઓને જેલના હવાલે કરી અજાણ્યા બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



### ચૂંટાઈ આવ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભરતસિંહ ડાભી, પંચમહાલના રતનસિંહ રાઠોડ, પોરબંદરના રમેશ ધડુક, સુરેન્દ્રનગરના ડૉ.મહેન્દ્ર મુંજપરા, બનાસકાંઠાના પરબત પટેલ, અમદાવાદ(પૂર્વ)ના એચ.એસ.પટેલ, આણંદના મિતેશ પટેલ, છોટા ઉદેપુરના ગીતાબેન રાઠવા, ગાંધીનગરના અમિત શાહ અને મહેસાણાના શારદાબેન પટેલ પહેલીવાર ચૂંટાઈ આવ્યા છે.

### ભવ્ય વિજય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે અમીત શાહે ૯૧,૮૯૦ મત મેળવ્યા હતા. વેજલપુરમાં અમીત શાહે ૧,૩૪,૦૩૭ મત મેળવ્યા હતા તો કોંગીના ડૉ. ચાવડાએ ૭૫,૫૦૫ મત મેળવ્યા હતા.

ગાંધીનગર બેઠક પર થયેલ ૧૨,૭૪,૩૩૦ મતદાનમાંથી ભાજપના અમીત શાહે ૮,૮૯,૦૩૭ મત મેળવ્યા હતા જ્યારે કોંગ્રેસના ડૉ. સી.જે. ચાવડાને ૩,૩૩,૮૯૧ મત મળ્યા હતા. બસપાના જયેન્દ્ર રાઠોડે ૬,૩૩૩ મત મળ્યા હતા. આ ઉપરાંત અપક્ષ ઉમેદવાર અલમહમદ વોરાને ૮૯૯૯ મત અને અપક્ષ ઉમેદવાર શાહીનબાનુ શેખને ૫૮૮૪ મત મળ્યા હતા.

આ ચૂંટણીની મતગણતરીમાં નોટાને ૧૩,૯૭૧ મત મળ્યા હતા. પોષ્ટલ બેલેટમાં પણ અમીત શાહે ડૉ. ચાવડા પર સરસાઈ મેળવી હતી.

ગાંધીનગર શહેરમાંથી અમીત શાહને ૧૮ હજાર મતની સરસાઈ મળી હતી. ગાંધીનગર સંસદીય મતિસ્તારમાં આજે વિક્રમી સરસાઈથી વિજેતા જાહેર થયેલ અમીત શાહના વિજયને ભાજપના કાર્યકરોએ સાંજે ઘ-૪ના સર્કલ પર આતશબાજી યોજી વધાવ્યો હતો.

આજે મતગણતરીમાં ડૉ. ચાવડા સવારે આવી પહોંચ્યા હતા. તો ભાજપના ઉમેદવાર અમીત શાહ વતી જય શાહ તેમજ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી અને આગેવાનો આવી પહોંચ્યા હતા.

પહેલા રાઉન્ડથી જ સરસાઈ અમીત શાહે મેળવતાં કોંગ્રેસના કાર્યકરોમાં સન્નાટો વ્યાપી ગયો હતો અને જોતજોતામાં ૧૧ વાગ્યા સુધીમાં સરસાઈ બે લાખને પણ પાર કરી ગઈ હતી. બપોરે બે વાગે તો સરસાઈ ત્રણ લાખને પાર કરી હતી તો છેલ્લે સરસાઈ વધીને ૫ લાખ ૫૫ હજાર પર પહોંચી હતી.

સાબરકાંઠા લોકસભા બેઠક

### ગ્રેવીટી સાયન્સ સ્કૂલનું ઉજ્જવળ પરિણામ

ખેડબ્રહ્મ ની ગ્રેવીટી ધ સ્કૂલ ઓફ સાયન્સમાં ધોરણ ૧૦ માં ૯૫ ટકા પરિણામ સાથે સમગ્ર તાલુકામાં મોખરે રહી છે શાળાના વિદ્યાર્થી શાહ હેતવી હિરેનકુમાર ૯૮.૬૭ મેળવી શાળામાં પ્રથમ અને કેન્દ્રમાં બીજા ક્રમે રહી શાળાનું ગૌરવ વધારેલ છે. જે બાદલ શાળાના ટ્રસ્ટી ગોપાલભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ સહિત શાળા પરિવારે તમામ વિદ્યાતિઓને અભિનંદન પાઠવ્યા હતા.

### ખેડબ્રહ્માની શેઠ કે. ટી. હઈસ્કૂલનું ગૌરવ

ખેડબ્રહ્મની શેઠ કે.ટી. હઈસ્કૂલમાં અભ્યાસ કરતી ધોરણ ૧૦ની વિદ્યાર્થીની લુહાર સ્નેહા બેન ઓમપ્રકાશ એ એ ગ્રેડ સાથે ૯૯.૩૧ પી.આર. રેન્ક મેળવી શાળામાં પ્રથમ મેળવ્યો હતો. સુથાર હિરલ કલ્પેશભાઈ ૯૯.૦૩ પી. આર, પંચાલ પ્રાચી કમલેશભાઈ ૯૯.૦૩ પી.આર મેલકવી શાળાનું ગૌરવ વધારેલ જે બદલ શાળાના પ્રમુખ અશ્વિનભાઈ જોશી, મંત્રી શૈલેષભાઈ મહેતા, કારોબારી સભ્યો, શાળાના આચાર્ય કપિલભાઈ ઉપાધ્યાય અભિનનાદન પાઠવ્ય હતા.

### દુઃખદ અવસાન

પ્રાંતિજના વતની અને ખેડૂત અગ્રણી રાવલ મુકેશકુમાર (ભોલાભાઈ)ના માતૃશ્રી રાવલ ડાહીબેન ચંદ્રકાન્ત (ચક્ષુદાતા)નું દુઃખદ અવસાન થયુ છે. સદગતનું બેસણું ૨૬-૫-૨૦૧૯ને રવિવારના



રોજ ૮ થી ૧૨ કલાકે નિવાસસ્થાને, ગોપીનાથ સોસાયટી, એપ્રોચ રોડ ઉપર રાખેલ છે. સુતક ૨૯-૫-૧૯ને બુધવારના રોજ રાખેલ છે.





મહેસાણા લોકસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર શ્રીમતી શારદાબેન અનિલભાઈ પટેલનો જંગી બહુમતીથી વિજય થતાં વિજયી સરઘસમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલ અને ધારાસભ્ય રમમભાઈ પટેલ જોડાયા હતા. મહેસાણા શહેરમાં ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

## મોડાસાના મોટી-ઈસરોલ નજીક ટ્રકમાં આગ લાગી ટાયર ધડાકા સાથે ફાટતા અફડાતફડી

અરવલ્લી જીલ્લાના માર્ગો પરથી પસાર થતા નાના-મોટા વાહનોમાં આગ લાગવાની ઘટનાઓ સતત બની રહી છે. શામળાજી-મોડાસા રાજ્યધોરી માર્ગ પર મોટી-ઈસરોલ ગામ નજીકથી પસાર થતા ટ્રકમાં અગમ્ય કારણોસર આગ લાગતાં ટ્રક થોડીક જ મિનિટોમાં રાખમાં ફેરવાયો હતો. ટ્રકના ટાયર આગના પગલે ધડાકાભેર ફાટી નજીક પસાર થતા વીજતાર સાથે અથડાતા ગ્રામ્ય વિસ્તારોમાં વીજપુરવઠો ખોરવાયો હતો. સમયસૂચકતા વાપરી ટ્રકના ડ્રાઈવર અને ક્લીનર ટ્રકમાંથી કૂદી પડતા બંનેનો આબાદ બચાવ થયો હતો.

શામળાજી તરફથી મોડાસા તરફ આવતા ટ્રકમાં મોટી ઈસરોલ ગામ નજીક આવેલા પેટ્રોલપંપ પાસેથી પસાર થતા ટ્રકમાં આગ લાગતાં ''ધ બર્નિંગ ટ્રક''ના દ્રશ્યો સર્જાતા ટ્રક ચાલકે ટ્રક થોભાવી દીધી હતી. ટ્રકમાં ભીષણ આગ લાગતાં ટ્રકમાં રહેલો માલસામાન બળીને આગમાં સ્વાહા થયો હતો. ટ્રકના ટાયરમાં આગ લાગતાં ધડાકાભેર ફાટી હવામાં ઉછળી નજીક રહેલા વીજતાર પર પડતા શોર્ટ-સર્કિટથી વીજપુરવઠો ખોરવાયો હતો.

ટ્રકમાં ભીષણ આગના પગલે વાહનવ્યવહાર થંભી જતા ૩ કિમી ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. મોડાસા નગરપાલિકા ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ટ્રકમાં લાગેલી આગને કાબુમાં લે તે પહેલા ટ્રક આગમાં સ્વાહા થઈ ગયો હતો.



### વડગામ કોંગ્રેસમાં ભુકંપ : ભાજપમાં આનંદ છવાયો

વડગામ તાલુકા ભાજપ ના આગેવાનો અને કાર્યકરો દ્વારા ભાજપ ની જીત થતાં જ વડગામ બસ સ્ટેન્ડ પર ફટાકડા ફોડી ભારે સુત્રોચ્ચાર સાથે ઢોલ નગારા ના તાલે ભાજપ ના આગેવાનો નાચી ઉઠ્યાં હતાં અને વિજયોત્સવ મનાવાયો હતો. લોકસભા ની ચુંટણી ના પરિણામ આવતાની સાથે જ વડગામ ભાજપ આગેવાનો અને કાર્યકરો માં આનંદ છવાયો હતો જ્યારે વડગામ કોંગ્રેસ ની છાવણીમાં છન્નાટા સાથે ભુકંપ સર્જાયો હતો. બનાસકાંઠા અને પાટણ લોકસભા સાથે સમગ્ર ગુજરાત અને દેશભરમાં ભાજપના સુનામી વાવાઝોડા માં કોંગ્રેસ ના સુપડાં સાપ થઈ ગયા બાદ કોંગ્રેસ માં ભારે હડકંપ મચી ગયો છે વડગામ ભાજપ ના વિજયોત્સવ માં તાલુકાના ભાજપ પ્રમુખ, જિલ્લા કિસાન સેલ ના અગ્રણી કાનજીભાઈ ધુળીયા,તાલુકા ભાજપ ના ઉપપ્રમુખ અસ્વિન સક્સેના, મહામંત્રી શ્રવણસિંહ ડાભી, જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ ભરતભાઈ પરમાર, જિલ્લા પંચાયત ના પૂર્વ સદસ્ય બાલકૃષ્ણ જીરાલા, વડગામ સરપંચ તેમજ તાલુકા સરપંચ એસોસિયેશન ના પ્રમુખશ્રી ભગવાનસિંહ સોલંકી, સતીષભાઈ ભોજક,શામતસિહ સોલંકી, ધવલ બારોટ,વડગામ ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ રાજેશભાઈ પરમાર (ફતેગઢ) કિશાન મોરચાના અગ્રણી વિરાભાઈ પ્રજાપતિ સહીતના આગેવાનો અને કાર્યકરો દ્વારા વિજયોત્સવ મનાવાયો હતો.

## બનાસકાંઠા ભાજપના ઉમેદવાર પરબત પટેલનો ભવ્ય વિજય

પાલનપુર

બનાસકાંઠા લોકસભાની ચૂંટણીની ગુરૂવારે યોજાયેલી મત ગણતરી બાદ મોડી સાંજે પરિણામ જાહેર કરવામાં આવ્યું હતુ. જેમાં કોંગ્રેસના ઉમેદવાર પરથીભાઈ ભટોળનો પરાજય થયો હતો. જ્યારે રાજ્ય સરકારના મંત્રી અને થરાદના ધારાસભ્ય ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલનો જંગીલીડથી ભવ્ય વિજય થયો હતો. જેમના વિજયને પાર્ટીના કાર્યકરો- સમર્થકોએ વધાવી લીધો હતો.

બનાસકાંઠા લોકસભાની ચૂંટણીમાં ભાજપે રાજ્ય સરકારના મંત્રી અને થરાદના ધારાસભ્ય પરબતભાઈ પટેલને ટિકીટ આપી હતી. જયારે સામે પક્ષે કોંગ્રેસના પરબતભાઈ પટેલ ચૌધરી સમાજમાંથી આવતાં હોવાથી કોંગ્રેસ પણ સામાજીક સમીકરણો ધ્યાને ઈતર સમાજની ભારે નારાજગી વચ્ચે બનાસડેરીના પૂર્વ ચેરમેન પરથીભાઈ ભટોળ ઉપર પસંદગીનો કળશ ઢોળ્યો હતો. જ્યાં ભાજપ- કોંગ્રેસ અને અપક્ષના મળી કુલ ૧૪ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો. જેનું પરિણામ ગુરૂવારે જાહેર કરવામાં આવ્યું હતુ.

જેમાં ભાજપના પરબતભાઈ પટેલનો જંગી બહુમતીથી વિજય થયો હતો. જેમના વિજયને પગલે ભાજપના કાર્યકરો અને સમર્થકોમાં આનંદ છવાઈ ગયો હતો. જ્યાં પાલનપુર ખાતે પરબતભાઈ પટેલનું ભવ્ય વિજય સરઘસ નીકાળવામાં આવ્યું હતુ. જેમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો - સમર્થકો જોડાયા હતા. ફુલહાર તેમજ એક-બીજાનું મોં મીઠુ કરાવી શુભેચ્છાઓ પાઠવી હતી.





### જય જયકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

લાગી નથી. લાલૂની ગેરહાજરીમાં આરજેડીનો સંપૂર્ણ સફાયો થયો છે. લોકસભાની કુલ ૫૪૨ સીટો પૈકી ભારતીય જનતા પાર્ટીએ છેલ્લા સમાચાર મુજબ ૩૫૦ સીટ જીતવા તરફ કૂચ કરી લીધી હતી જ્યારે યુપીએ ગઠબંધનને ૧૦૦ સીટ પણ મળી રહી નથી. મોદી અને અમિત શાહ ભારતીય જનતા પાર્ટી માટે સુવર્ણ યુગ લાવવામાં સફળ સાબિત થયા છે. સમાજવાદી પાર્ટી અને બસપાના વોટના ટ્રાન્સફર નહીં થવાના કારણે પણ મહાગઠબંધનને જીત મળી નથી. આ વખતે કોંગ્રેસ પાર્ટી ઉત્તરપ્રદેશમાં સંપૂર્ણપણે સાફ થઈ છે. ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસને માત્ર એક સીટ મળી શકી છે. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી ચૂંટણી હારી ગયા છે. અમેઠી બેઠક ઉપર તેમની સ્મૃતિ ઈરાની સામે હાર થઈ છે. અગાઉ આજે સવારે ઉત્તેજના અને ઉત્સુકતાના માહોલમાં લોકસભાની ચૂંટણી માટે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મતગણતરી શરૂ થયા બાદ તરત જ પ્રવાહ મળવાની શરૂઆત થઈ ગઈ હતી. મતગણતરી શરૂ થયા બાદ કલાકોના ગાળામાં જ એનડીએ દ્વારા જોરદાર લીડ મેળવી લીધી હતી. મોદી મેજિકની સ્થિતી ફરી એકવાર જોવા મળી હતી. એક્ઝિટ પોલના તારણ આવ્યા બાદથી જ હિન્દી પટ્ટાના રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટી જોરદાર સ્થિતીમાં દેખાઈ રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૨ સીટો ઉપર સાત તબક્કામાં મતદાનની જાહેરાત કરી હતી જે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી એપ્રિલના દિવસે અને બીજા તબક્કામાં ૧૮મી એપ્રિલના દિવસે મતદાન થયું હતું. ત્રીજા તબક્કામાં ૨૩મી એપ્રિલના દિવસે મતદાન થયુ હતુ અને ૨૯મી એપ્રિલના દિવસે ચોથા ચોથા તબક્કામાં મતદાન થયુ હતુ.છટ્ટી મેના દિવસે પાચંમા તબક્કામાં મતદાન થયુ હતુ. જ્યારે છઠ્ઠા તબક્કામાં ૧૨મીના દિવસે મતદાન થયુ હતુ. સાતમા તબક્કામાં ૧૯મીમેના દિવસે મતદાન થયુ હતુ. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થયુ હતુ.